SAMVAD E-JOURNAL
ISSN (Online) :2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 3, Issue-3, April-May-June : 2025
Published by Rangmati Publication https://www.rangmatipublication.com/

# માનવજીવનના ગૂઢ અંધકાર પર સફેદ પ્રકાશ

*ડાંગર અમિતાબેન લખમણભાઈ*

અનુઆધુનિક લેખિકા હિમાંશી શેલતે વાર્તાકાર, નવલકથાકાર, ચરિત્રકાર, અનુવાદ અને વિવેચન ક્ષેત્રે મહત્વનું પ્રદાન કર્યું છે. એક સફળ તેમજ સંવેદનશીલ વાર્તાકાર તરીક પ્રસિદ્ધ એવાં હિમાંશી શેલતના 'અંતરાલ' વાર્તાસંગ્રહ પછી 'અંધારી ગલીમાં સફેદ ટપકાં' વાર્તાસંગ્રહ મળે છે. તેઓ વિષયવસ્તુ, શૈલી, ટેકનીક વગેરેને લીધે અન્ય વાર્તાકારોથી અલગ પડતા વાર્તાકાર છે. અંધારી ગલી.... ને ઉષ્માભર્યો આવકાર મળ્યો છે. આ વાર્તાસંગ્રહને સાહિત્ય અકાદમીનું પ્રતિષ્ઠિત પારિતોષિત પણ મળ્યું છે. આ વાર્તાસંગ્રહ બધા ભાવકોના હૃદયમાં ઊંડે સુધી ચેતનાના મૂળ સુધી પહોંચી શકે એવી ભાષાની અભિવ્યક્તિ અને નારીની વેદનાને કારણે ધ્યાનપાત્ર છે.

આ વાર્તાસંગ્રહની પ્રસ્તાવનામાં લેખિકા અભિપ્રાય આપે છે કે, "આ સંગ્રહની કેટલીક વાર્તાઓમાં હું આખી ઠલવાઈ ગઈ છું' એના સર્જન દરમિયાન આનંદ અને રોમાંચની અને સર્જન પછી ઊંડા પારિતોષની લાગણી મેં અનુભવી છે." હિમાંશી શેલતે લખ્યું છે કે, 'મારી સહુથી નિકટની મિત્ર બાને જેની વેદના સમજતાં અને પામતાં હું બીજાં કેટલાંયની વેદના સુધી પહોંચી શકી.' 'બા'ની જીવન પ્રીતિનો, ઉત્સાહનો, ચાહવાની પ્રબળ શક્તિનો, ઉદારતાનો વાંચન પ્રેમનો વગેરેનો મારા પર જબરદસ્ત પ્રભાવ છે.

આ વાર્તાસંગ્રહમાં કુલ ૨૩ વાર્તાઓ છે. જેમાં દસેક વાર્તાઓમાં નારીજીવન કે નારીચેતનાનો ઉઘાડ વિશેષ રીતે જોવા મળે છે. જેવી કે 'સુવર્ણફળ', 'સંમોહન', 'અજાણ્યો', 'અંધારી ગલીમાં સફેદ ટપકાં', 'સમય', 'જવનિકા', 'કાલ સુધી તો', 'બળતરાના બીજ' અને 'છત્રીસમેં વર્ષે ઘટનાની પ્રતીક્ષા' વગેરે વાર્તાઓને ગણી શકાય. આપણે કેમ કોઈ દોરીને વણવા માટે એક-એક દોરાને વ્યવસ્થિત વીટીવીટીને બનાવીએ તેવી જ રીતે લેખિકાએ પણ એક-એક દોરાની માફક એકે'ક વાર્તાને ઝીણવટથી આલેખિત કરી છે.

'સુવર્ણફળ' એ વાર્તાસંગ્રહમાં પ્રથમ ક્રમે મૂકાયેલી વાર્તા છે. આ વાર્તામાં લેખિકાએ સ્ત્રી-માનસને જૂદી રીતે મુકવાનો પ્રયત્ન કર્યો છે. સુવર્ણફળમાં સાથે રહેતી સુમિત્રા અને વત્સલા બંને બહેનો એકમેકનાં સહારે એકધારી જિંદગી જીવ્યા કરતી બંને બહેનોની વાત લેખિકાએ નિરૂપિત કરી છે. ૪૩-૪૫ વર્ષ સુધી તો બંને સાથે રહે છે પછી વત્સલા અને સુમિત્રાની જિંદગીમાં એક નવો વળાંક આવે છે. પ્રૌઢ વયની વત્સલા બે પુત્રના પિતા એવા ચંદ્રવદન જાગીરદારનાં પ્રેમમાં પડે છે અને તેની સાથે ૪૩ વર્ષે વત્સલા પાનેતર અને મંગળસૂત્ર પહેરીને લગ્ન ગ્રંથીથી જોડાય છે. સુમિત્રા હવે સાવ એની જિંદગીમાં એકલી પડી ગઈ છે. એની જિંદગીમાં જ કેમ આવું બન્યું? કદાચ એ પોતે જ ચંદ્રવદનને મળી હોત તો. પછી તો તેની જાત સાથે મનોમન વાત કરે છે અને કહે છે હું ઓળખું છું વત્સલાને. આટલી ઉંમરે વત્સલાને કોઈની જોડે ગોઠવાઈ જવાનું ફાવે કે ન ફાવે ! નહિ જ ફાવે. આટલાં વર્ષો જોડે કાઢ્યાં છે. એટલે ! ને એમ કંઈ મોટી ઉંમરે નવા વાતાવરણમાં ગોઠે કે? ને પાછાં છોકરા કેટલાં મોટા છે. એવું હોત તો તેતાલીસ વર્ષે કોઈ બેસે ઓછું રહે સુમિત્રા વિચારે છે કે એ આખીય માનવ જાતિ માટે વિચારતી હોય તેવું લાગે છે... ને માણસ કઈ ચીભડું છે કે ચાખી જોવાય? એક બાજુ વત્સલાનાં જીવનમાં આનંદના દિવસો આવવાની તૈયારીમાં છે. તો આ બાજુ સુમિત્રાની એકલતાં પણ એટલી જ કોરી ખાય એવી છે. વાર્તાનો અંત જ કરુણ છે. સુવર્ણફળ મળ્યું પણ એનો સ્વાદ કેવો?

'ઠેકાણું' વાર્તાની શરૂઆતમાં વસંતલાલ ખોવાઈ જાય છે એને શોધવામાં ઉપયોગી રહે તે માટે તેના ખિસ્સામાં નામ-સરનામાવાળું પતાકડું કાયમની માટે મૂકી રાખે છે. શાંતાબહેન નહોતા એ હોત તો ચોવીસ કલાક વસંતલાલનું ધ્યાન રાખ્યાં કરે. બસ સ્ટેશન, રેલ્વે સ્ટેશન,

બાજુના ઓટલામાં બધી જગ્યાએ પૂછાવી લીધું ક્યાંય વસંતલાલ દેખાતા નથી, વસંતલાલનો અવાજ, ભલભલાને થથરાવે એવી ત્રાડ, એમની ચાલનો ઠાઠ, રાજા-મહારાજાનો હિસાબ નહી, આખી દુનિયા એમના નામ પર ચાલતી હોય એવી તો વાત કરતા. માએ મરતી વખતે કહેલું કે ઘરમાં જે ધંધો અને વૈભવ છે તે બધું તેમને લીધે છે એટલે બાપને જાળવજો. રાત પૂરી થવા આવી અને વહેલી સવારની પ્રકૃતિ છ-સાડા છ ની વચ્ચે વસંતલાલ મળી આવ્યા. 'ખબર છે ક્યાં હતાં બાપુજી? હનુમાનજીવાળા નાકે પેલી બાગની બહાર જમાત છે તે ત્યાં હતા. પછી વસંતલાલે નામ-સરનામાના પતાકડાના ચાર ટુકડા કરી તેને ઉડાડી નાખ્યા. એટલે દીકરાએ કહ્યું કે તમને ખબર છે? આ હતું એટલે જ તમે ઘર સુધી પહોંચી શક્યા નહિ તો રખડુઓની જમાતમાં તમને કોણ ઓળખતે? આ વાર્તામાં મુખ્ય પાત્ર વસંતલાલની પીડા અને મુશ્કેલ પરિસ્થિતિને જોયા પછી એના મોટા દીકરાના સ્વભાવ પર જરા ઘીન ચડી હોય તેવું લાગે છે.

'ઘર ભણી' વાર્તામાં લેખિકાએ કલાત્મક રીતે વસ્તુગૂંથણી કરી છે. આખી ટ્રેન ધગધગતી પેટીમાં જ ચાલ્યા કરતી હોય છે ના ઊભી રહેવી જોઈએ એવા સ્ટેશન પર ગાડી ઊભી રહી. વેત જેવડા સ્ટેશનના પ્લેટફોર્મ માંડ થોડાક ગાડીના ડબ્બા સમાયા. કોઈ વળી કહે છે કે પાંચ પંદરને કાપીને ફેંકી દીધા છે વચ્ચોવચ્ચ. આ વાર્તામાં રામસરૂપની પત્ની, રામસરૂપ, મંગળ, તિરલોકજી વગેરે જેવા પાત્રો વડે ગૂંથાતી જાય છે. મંગળના કપાયેલાં પગને એનાથી જરા નાની છોકરી એકી નજરે જોયા કરતી હતી. તિરલોકજી ન હોતે તો યહાંસે નીકલને મેં જરા તકલીફ હોતી... અસ્પતાલની વાતો સાંભળતી લખિયા એના જથરપથર વાળ બેય હાથે આંખ આગળથી ખસેડ્યા કરતી હતી. રામસરૂપ હવે મંગલની બંધ આંખોને જોવી ગમતી નહિ.

'સંમોહન' વાર્તામાં લેખિકાએ સ્ત્રી મનની સહજ લાગણીની રજૂઆત કરી છે. આભાના મનમાં પતિ અનિરુદ્ધ માટે અતિપ્રેમ છે. તો અનિરુદ્ધની વાચાળતા, વ્યક્તિત્વ સંમોહક છે. જેમાં લોકો સહેલાઈથી અંજાય જાય છે અને આભાના સુખની ઈર્ષા કરે છે. આભાના દામ્પત્યજીવનની ઉપલી સપાટી તો બધાને સોનેરી બુટા જેવી ઝગમગતી લાગે છે. પરંતુ આભાનું સ્ત્રીત્વ, અંગત જીવન એ સંતૃપ્તિની આશામાં રહીને મૂંઝાય છે. આભાના જીવનમાં એવો પતિ કે તેની પ્રતિભા કશું પામી શકતી નથી ત્યારે વિચારે છે, 'અનિરુદ્ધ તો સમૂહનો માણસ છે એટલે જ કદાચ' એકાંતમાં એ સંકોચાઈ જાય છે. આભા અંતે તો અનિરુદ્ધની અત્યંત નજીક જાય છે અને કરુણ રીતે તેનું એ વર્તન પછડાટ બની જાય છે. આમ છતાં આભાને કોરી ખાતો અસંતોષ ક્યાંય તાર સ્વરે વ્યક્ત થયો નથી તે આ વાર્તાનું જમા પાસું છે.

'અજાણ્યો' વાર્તાની નાયિકા અવની પતિ કાર્તિકની માનસિક વિક્ષોભતાથી ઘરનાં અન્ય સભ્યો જેટલી જ દુ:ખી છે અને તેની નજીક જતાં પર ડરે છે. આમ છતાં તે પતિની સેવા ચાકરી, જરૂરિયાતો પૂરી કરવી એ કાર્ય તો પૂરી નિષ્ઠાથી કરે જ છે. કાર્તિક એક દિવસ અભાનવસ્થામાં 'સુલુ' નામની વ્યક્તિને સંબોધીને કહે છે. 'તું મારું અપમાન કરીશ નહિ, પ્લીઝ.... તારા વગર મારાથી બિલકુલ જીવી શકાશે નહિ...' અહીં પછી અવની મનોમન વિચારે છે કે આ સુલુ કોણ? બા કહે છે કાર્તિક જલ્દી લાજો થઈ જાય એટલે બસ તેને આઘાત લાગે એવી કોઈ વાત તેને પૂછવી કહેવી જ નહીં. એ પ્રશ્ન પૂછવા તે પતિ સામે જોતી અને પેલો અજાણ્યાપણાનો ભાવ તેના મનને ઘેરી લેતો. પતિ માટેનો પોતાના માણસ માટેનો પઝેસીવ ગણાય તેટલો લગાવ, નારીચેતનામાં સંચલનો, મનોગતનો આખો સંદર્ભ અહીં અભિનિવેશ વિના મૂકાયો છે.

'સમય' વાર્તામાં સુલભાનું પાત્ર જાણે કે સ્ત્રી સ્વાતંત્ર્યને મુખરિત કરતું હોય એ રીતે મુકાયું છે. સુલભાને પણ પરણી જતી દર્શાવીને વક્તા ઊભી કરે છે. વાર્તાની નાયિકાએ પતિ નરેન્દ્રથી ડિવોર્સ લીધા છે. ડિવોર્સ પછી તેના જીવનમાં મોકળાશ, સ્વતંત્રતા મળી છે તેવો એ દેખાવ કરે છે. નાયિકા સુલભા મનોમન તો પતિના સાનિધ્યમાં પસાર કરેલા સમય અને ડિવોર્સ પછી એકલતાના આ સમયની તુલનામાંથી બચવાનો વ્યર્થ પ્રયત્ન કરતી રહે છે. નારીસંગઠનને લગતાં સંકેતો અર્ધે સુધી વાર્તાને કૌટુંબિક, સામાજિક સમસ્યાની વાર્તા બનવા તરફ લઈ જાય છે. અહીં વાર્તામાં વારે વારે સવારના સાડાદસના સમયનો ઉલ્લેખ કરી એક રહસ્ય ઊભું કરવામાં આવ્યું છે. ડિવોર્સ પછી એકલી રહેતી નાયિકા સવારનો સમય ચૂકી વિસરી જવાના સભાન પ્રયત્નો કરે છે કેમ કે એ નાયિકાને ભૂતકાળ તાજો કરાવે છે. એ જ સમયે નાયિકાના ફ્લેટ સામેથી એક સુખી દંપતિ સ્કૂટર પર જોડાજોડ બેસી કામે જાય છે. એટલાં માટે કે એમાં નાયિકાના દાંપત્યજીવનની કેટલીક આવી જ સુખીક્ષણોનું પ્રતિબિંબ પડેલું છે

અને છૂટાછેડા પછીય તેને એ સુખની ઝંખના છે તે છતું થાય છે. આમ આ વાર્તા સામાજિક સમસ્યાપ્રધાન બનવાને બદલે વ્યક્તિકેન્દ્રી નારીકેન્દ્રી બની રહે છે.

'હાથ' આ વાર્તામાં લેખિકાએ માનવ શરીરના એક એવા અંગ 'હાથ' ને પરિપ્રેક્ષ્યમાં રાખીને વાર્તામાં હાથનું આબેહૂબ ચિત્રણ રજૂ કર્યું છે. ત્રિવેદી, દેસાઈ, સુધા, તનસુખ, સુરેન્દ્ર, વિદ્યા, ટીનુ, શાંતા, કાકા, બાપુજી વગેરે જેવા પાત્રોને જુદી જુદી બાબતોમાં 'હાથ'નું સંકલન કર્યું છે. ત્રિવેદી સામે બેસીને ઢીંચણ પર હાથ ફેરવતા, દેસાઈ મળવા આવે ત્યારે છાપું હાથમાં પકડી રાખે, સુધા આવે ત્યારે સાડીનો છેડો કે વાળની લટ આમળતી રહે, સુરેન્દ્ર બારણું કે ટેબલ નજીક હોય તેના પર ટકોરા માર્યા રાખે. ત્ર્યંબક ખુરશીના હાથા જકડી રાખે અને નાની ટીનું ખડખડ હસતી તાળી પાડી ઊઠે. ત્રિવેદી અને દેસાઈ એની અદા ભઈ ગજબની આમ ઉપર હાથ જાય, ને કપ ભરાવવા આવે તેમ નીચો આવતો જાય પાછું એક ટીપું યે નીચે ન પડે. આ બધી હાથની કમાલ, બીજું તો શું કહેવાય આમા. બધા સાથે ભેગા થઈને હાથની મોંકાણની વાતો કરતા એવામાં શાન્તાની આંખમાં આંસુ આવી ગયા. રડીશ નહિ, હાથ જરા ખોટકાઈ પડ્યાં તો શું વહાણ ડૂબી ગયાં છે આપણાં. માખ જાતે જ જતી રહે એના જેવું બીજું સુખ એકેય નહિ. બેસી રહે તો કનડે, ને એને ઉડાડી તો શકાય નહિ. કારણ કે હાથ તો...

'જવનિકા' વાર્તાનો એક તંતુ આ જ સંગ્રહમાની 'સુવર્ણફળ' (બંને વાર્તામાં બે બહેનોનાં પાત્રો છે માટે) સાથે જોડાય છે તો બીજો તંતુ 'અજાણ્યો' (દામ્પત્યજીવનમાં ત્રીજા પાત્રના કારણે સર્જાતી કટોકટીના સમાન કથાબીજના લીધે) વાર્તા સાથે જોડાય છે. આ વાર્તામાં દર્શના, સોહન અને ચૌલાની આસપાસ કથાનો તંતુ બંધાય છે. સ્ત્રીનું મન, તેમાં રહેલા ભાવો એટલાં બધા અને એવાં તો વિશિષ્ટ છે કે તેને પકડવા, કળવા કે તેની દિશા જોવી ખૂબ વિકટ કામ છે. આમ પરીક્ષા માટે દિદિના ઘેર વાંચવા આવેલી રૂપાળીબેન ચૌલા, દર્શના સોહનના સુખી દાંપત્યજીવનમાં શંકાની જવનિકા બની બેસે છે. અહીં સોહન, ચૌલા નિર્દોષ છે કે દર્શનાની શંકા વજૂદવાળી છે એવી કોઈ સ્પષ્ટતા કર્યા વગર ભાવકની કલ્પનાને વિસ્તરવાનો અવકાશ આપે છે. સર્જક, શંકાને દર્શનાના મનમાં જ દૃઢ થતી ભૂંસાતી, ફરી વ્યાપતી બતાવી છે. એ આ વાર્તાની વિશેષતા છે. અંતમાં વાર્તાનાયિકા એક ઝાટકે પરદો ખોલી નાખે છે. સળમાં ભરાયેલી ધૂળ હવામાં ભળી જાય છે. આ ક્રિયા વર્ણનો વાર્તામાં પ્રતીકાત્મક અર્થસંકેતો રચે છે અને જવનિકા શીર્ષકને પણ સાર્થક કરે છે.

'કાલ સુધી તો....' વાર્તામાં આખી જિંદગી કાર્યશીલ રહેતો માણસ જ્યારે અચાનક અપાહિજ બની જાય ત્યારે તેની વેદનાની પરાકાષ્ઠા કેવી હોય છે તેનો અનુભવ આ વાર્તાનાં 'બા' કરાવી જાય છે. બા પણ એક સ્ત્રી જ છે ને ! લગભગ સ્ત્રીઓને ઘર, બાળકો, પતિ તેમની સારસંભાળ એ ખૂબ ગમતા કાર્યો છે. તેમાંથી જ જાણે કે તે જીવવાનો આનંદ શક્તિ મેળવે છે. આ વાર્તામાં બા ને બબ્બે વહુ ઘરમાં હોવા છતાં રસોડાથી માંડીને દરેક સભ્યોની એક એક જરૂરિયાત પૂરી કરતા. કાલ સુધી તો બાની ઈચ્છા વગર કે બાના અસ્તિત્વ વગર ઘરનું પાંદડું પણ હલતું જ નહિં. તે બા આજે બીજાની સહાયથી હલન ચલન કરી શકે તે જ મોટી કરુણતા? મારા વગર પણ દુનિયા ચાલતી હતી તેમ જ ચાલે છે. એ મહાજ્ઞાન અહીં બાને કોરી નાખે તેવું પીડે છે.

'બળતરાનાં બીજ' વાર્તાનો આરંભ વર્તમાન અને ભૂતકાળના સાહચર્યથી થાય છે. આ વાર્તામાં જ્યારે નાયિકાને ખ્યાલ આવે છે એ આનંદનું નહીં આક્રોશનું બીજ છે. ત્યારે નાયિકા પોતાના માતાની તમામ વેદના સમજી શકે છે. માતાની ઈચ્છા નહોતી તેમ છતાં તેને દીકરીને જન્મ આપવો પડે છે. આજની જેમ તે દિવસેય ખૂબ વરસાદ હતો. વરસાદથી વાર્તામાં નહીં પરંતુ નાયિકાની માતાના જીવનમાંથી પણ ઘણું બધું ધોવાય જાય છે. ઉપરાંત વાર્તાની નાયિકા પોતે એકલી રહે છે અને લગ્ન પણ નથી કર્યા. લેખિકાએ ચોક્કસ આડકતરી રીતે વિદ્રોહ કર્યા છે. બા કહે છે એ પુષ્પાનો ફોટો છે. તારા બાપુજીને પુષ્પા જોડે પરણવું હતું. ગાંડપણ વળગેલું તે વખતે, બહુ ધમાલ થયેલી પણ મોટાદાદા એ થવા ન દીધું. હશે કઈ કારણ....પણ એને પરણાયું નહિ.... બહું ઝઘડા ચાલ્યાં એ બાબતે તો એ દિવસોમાં. બાવી બની જાઉં એવું થતું હતું. પછી તો ભરતનો જનમ...ને પછી તારોય જનમ. તારા જનમ વખતે એટલો કલેશ હતો જીવને કે...અને ત્યાર બાદ લેખિકા કહે છે કે એકધારા વરસાદે આસપાસની દુનિયા સાવ જ ઢાંકી દીધી. બાને કેટલું ભોગવવું પડ્યું હશેની તમામ વાત નાના વાક્યમાં રજુ કરી છે. નાયિકા પોતે સાવ વણજોઈતી પૃથ્વી પર આવી ચડ્યાની વેદના અનુભવે છે. સ્ત્રી સંવેદનની એક વિલક્ષણ વાર્તા તરીકે 'બળતરાનાં બીજ' નોંધપાત્ર છે.

'છત્રીસમેં વર્ષે ઘટનાની પ્રતીક્ષા' સ્ત્રીના એકાંકીપણાંને તેની વેદનાને વાચા આપતી વાર્તા છે. "ખોડગાતી ચાલ, કમ્મરે ખોસેલો સાડીનો મેલોદાટ છેડો, બાંયેથી ખોખલું પડતું બ્લાઉઝ... છત્રીસ વર્ષે ધોળાં થતાં જતા, આછાં થતાં જતાં વાળ." આવા રૂપરંગવાળી સુમી કઈ ઘટનાની પ્રતીક્ષા કરે છે? કંઈ બનતું નથી. કંઈ બનવાનું નથી. જીવન જ જ્યાં ઠિંગરાઈ ગયું હોય ત્યાં શાની પ્રતીક્ષા? ચાલીની અંધારી ઓરડીમાં ઘટનાવિહીન પસાર થયેલાં છત્રીસ વર્ષો વીતાવી ચૂકેલી સુમી મનગમતી ઘટનાની પ્રતીક્ષા કરે છે. અપરિણીત સુમીની વ્યથાને સંગોપિત રીતે વ્યક્ત કરવાનો આ વાર્તામાં પ્રયત્ન થયો છે. વાર્તાના અંતમાં સુમી ઘરની અંધારી ઓરડીમાં નાનીમાં, રતનફોઈ, અને બાની સાથે પોતાને પણ જુએ છે. "કોણ સુમી? ચોથા આકારની ઓળખ મળી ગઈ હતી એને ભયનું લખલખું હલબલાવી ગયું."

'અંધારી ગલીમાં સફેદ ટપકાં' વાર્તાસંગ્રહનું શીર્ષક બનેલી આ વાર્તાનો પરિવેશ આસ્વાધ છે. ભાષા કથાર્થને બદલે વાતાવરણનો અનુભવ કરાવે તે રીતે યોજીને વાર્તાકાર વિધવાજીવનની સમસ્યાને તીવ્રતાથી ઉપસાવે છે. નાયિકાને ગોવર્ધનધામ, ચિત્રકૂટ, કૈલાશધામ અને શ્યામવિહાર જડતાં હતાં, પણ ભાગીરથી કલ્યાણધામ મળ્યું નહીં. તેનું સરનામું પણ કેવું? પેલાએ ઉપર આંગળી બતાવી. ઈશારતથી સમજાવ્યું... ઊંચું મકાન છે, પહેલા આ ગલીઓની ગૂંચમાંથી બહાર નીકળવાનું પછી બીજી એવી જ ગૂંચમાં પેસી જવાનું તેમાં જમણી તરફથી ત્રીજી ગલીમાં ચોથું મકાન ભટકતી સવસ્ત ગાયો, બડબડતો પૃષ્ટ બામણ, દિવેટની ખેંચાખેંચ કરતા કાગડા વગેરે જેવા વિષયને મુખર ન બનાવે એ માટે સંકેતો મૂકીને કામ ચલાવ્યું છે. અહીં સફેદ ટપકાં શબ્દપ્રયોગ વિધવા સ્ત્રીઓને માટે કરેલો છે. આખીય વાર્તામાં વિધવા હોવું એ ગૂનો નથી કે વિધવા બન્યા પછી સ્ત્રીઓએ કેવી યાતનાઓ ભોગવવી પડે તેનો સૂર નથી. બે ટંક ભોજન મેળવવા માટે યંત્રવત તાળીઓ પાડતી સ્ત્રીઓની તાલીનો અવાજ મૂંઢમાર જેવો લાગે છે. શું વિધવા થયેલી સ્ત્રીએ તીર્થધામમાં જઈ ઈશ્વર ભક્તિમાં જ જિંદગી પૂરી કરવાની? સુલક્ષણા પાર્વતીને વિધવા સદનમાં મળવા વાર્તાકથકને વાળ ઠીક કરવાનું મોંએ પાવડર લગાડવાનું મન થાય છે. પરંતુ અહીં અરીસો જ નથી. જાજમ પર પચાસેક સ્ત્રીઓ થીજી ગઈ હતી. ધૂળ ખાતી પ્લાસ્ટર ઓફ પેરિસની મૂર્તિઓ જ દેખાય. બરાબર ગલીને નાકે જ રામનામની પીળી ચાદરવાળો કોઈક ઘસી આવ્યો. 'ભગવાન તેરા ભલા કરે માઈ' કહીને કપાળે ચંદન ચોંટાડી દીધું. એનો લાલ ચાંદલો ફિક્કા ચંદનના મોટા થપ્પા પાછળ સાવ જ ઢંકાઈ ગયો હતો.

શ્રી ભરત મહેતા વિશેષમાં આ વાર્તાસંગ્રહને "હાથ લાગેલી સાદી ભવ્યતાથી નવાજે છે. આ વાર્તાસંગ્રહમાં સાદગીની સાથે સાથે સંવેદનાનો અતિશય ઉપયોગ થયો છે. લેખિકાએ માનવીય સંવેદનાઓને વહાવી છે. વહેતી મૂકી છે." ('પ્રત્યક્ષ' જાન્યુઆરી - માર્ચ ૧૯૯૩, 'હાથ લાગેલી સાદી ભવ્યતા' લેખક - ભરત મહેતા, પૃ. ૫૧)

હિમાંશી શેલતની વાર્તાઓમાં સ્ત્રીઓની વિવિધ ભાવસ્થિતિઓ વર્ણવતી ગદ્યશૈલી ઊડીને આંખે વળગે તેવી છે. આ વાર્તાઓમાં સુગમ શક્તિ, અવહેલના, અસમાયોજનની ભાવના, વિષાદમય ક્ષણો, પરાયાપણું, હતાશા, એકલતા, માનસિક રીતે પડી ભાંગેલા જીવનની કરુણતા બતાવી છે. જેમાં લેખિકા જીવનની કડવી વાસ્તવિકતાની છબી કુશળતાથી આપી શક્યાં છે. ટૂંકા ટૂંકા વાક્યોમાં પણ તેની સર્જનની કલા પ્રવૃત્તિ ખીલી ઊઠી છે.

- શાણા થઈને એટલું જ કહેવાય છે કે અમુક ઉંમરે આવું બહુ તો ન જ શોભે. (પૃ. ૦૩)
- વસંતલાલ કેમ કાચા પડ્યા આ બાબતમાં તે સમજાતું નથી. બાકી એ તો બહુ કાબેલ, સો ગળણે ગાળીને પાણી પીએ એવા. (પૃ. ૦૯)
- આ સાડી અનિરુદ્ધભાઈ લાવ્યા હશે, બોલો, શરત....ભાભીના હાથમાં પાલવના સોનેરી બુટ્ટા તોળાઈ રહે છે. (પૃ. ૨૫)
- આ સલું કોણ? પ્રશ્ન પૂછવાનું મન થતું ને જીભ જાણે લાકડાનો ટુકડો થઈ ગઈ. (પૃ. ૩૧)
- અરે, એ સમજે છે શું એનાં મનમાં? મારો વર હોય ને તો ઘડીના છઠ્ઠા ભાગમાં ઠેકાણે લાવી દઉં... તમે તો બહુ નરમ છો એટલે સ્તો. (પૃ. ૪૭)
- એ બિચારી ભલી છે ને તારે ત્યાં એને બધાં જ એક્સપ્લોઈટ કરે છે. આપણે જ એનો વિચાર કરવો પડશે. (પૃ. ૬૪)
- ગોપુ, જરા આ ઘડિયાળ જો તો બંધ નથી થઈ ગયું ને....
  કોઈક આવીને ડબ્બો હલાવી જોતું, કાને માંડી જોતું. (પૃ. ૭૭)

- મેં તો ચોખ્ખું કહેલું કે જે માણસને મારામાં રસ નથી એનાં છોકરાં મારે ન જોઈએ, એ ભાર વેંઢારવો નથી મારે.... (પૃ. ૮૭)
- ખરેખર ક્યાં કશું બન્યું હતું? જો કંઈ બન્યું જ નહોતું, તો બીવાની જરૂર નહોતી, કશું થયું જ નથી. તો નકામો ફફડાટ, કશું થતું જ નથી તો નકામી આ બીક, કશું થવાનું જ નથી, તો સાવ ખોટો આ વલવલાટ (પૃ. ૯૯)
- "'નવું બિલ્ડીંગ થવાનું છે', 'બે હજાર નામ પેન્ડિંગ છે', 'આ બધી નાની ઉંમરની છે', 'છડેછડી', 'જીસકા મરદ દંગેમેં મરા'." (પૃ. ૧૦૧, ૧૦૨)
- એક મોટા ખંડમાં શેતરંજી પર સફેદ રંગના નાનાં-મોટા ટપકાં ગોઠવાયા હતા. (પૃ. ૧૦૧)

'અંધારી ગલીમાં સફેદ ટપકાં' વાર્તાસંગ્રહમાં સંકળાયેલી વાર્તાઓનો આપણે એકંદરે અભ્યાસ કરતા જણાય છે કે વાર્તામાં વાર્તાકારે કશુંક સંગોપીને વાચક સામે રજૂ કર્યું છે. જેને જાણવા ઘણી મથામણ કરવી પડે છે. તેમની વાર્તાઓ કથનશૈલીને કારણે આકર્ષક બની રહી છે. કશા ભેદભાવ વગર એક નારીની વ્યક્તિ તરીકે પ્રતિષ્ઠા આગવી રીતે પ્રસ્તુત કરી છે. અનુઆધુનિકતાને અટપટી ભૂમિકાઓથી ચર્ચનારા પણ છે. સમાજના રૂઢિગત ખ્યાલો, વગર ઈચ્છાએ લગ્નજીવન વેંઢરતી સ્ત્રી તથા સ્ત્રીના પોતાના મનમાં ઘર કરી ગયેલાં ખ્યાલો વગેરે બાબતો તેમની વાર્તાઓમાં જોવા મળે છે. લેખિકાએ નિષ્પક્ષ રહીને સ્ત્રી-પુરૂષ બંનેયને આલેખ્યાં છે. કોઈ પણ જાતનો ઉશ્કેરાટ નહીં પરંતુ આંતરસંવેદનમાં ઝબોળાઈને એમનાં પાત્રો આપણી સમક્ષ રજૂ કર્યા છે. એક જ ઘટના એક કરતાં વધારે વ્યક્તિઓનાં દ્રષ્ટિકોણને મૂકીને વાર્તાને રસપ્રદ બનાવી છે. બધી જ વાર્તાઓ નારીવાદી દ્રષ્ટિકોણથી આલેખાઈ નથી. કેટલીક વાર્તાઓ શોષિત, દલિત, પીડિત ને કેન્દ્રમાં રાખીને નિરૂપણ કરાયું છે. હાથથી અડી શકાય, ચારેય બાજુ ફેરવીને જોઈ શકાય એટલી સૂક્ષ્મ અને નક્કર વાર્તાઓ છે. પણ વધારાનો કે ઓચિંતો ટપકી પડેલો શબ્દ વાપર્યા વગર.... વિશિષ્ટતા સરળતા અને સચોટતા સાથે વાર્તાસંગ્રહ એક નોંખો અવાજ બની રહે છે.

**સંદર્ભગ્રંથો :**

(૧) 'અંધારી ગલીમાં સફેદ ટપકાં' લેખક : હિમાંશી શેલત.

(૨) 'પ્રત્યક્ષ' જાન્યુઆરી-માર્ચ-૧૯૯૩, 'હાથ લાગેલી સાદી ભવ્યતા'
લેખક : ભરત મહેતા.

(૩) 'વાર્તાસંદર્ભ' લેખક : શરીફા વીજળીવાળા

(૪) 'શક્તિ' લેખ - 'મારી લેખનયાત્રા' લેખક : ડો. ઈન્દિરા ગોસ્વામી

(૫) 'શબ્દસૃષ્ટિ' નવેમ્બર-૨૦૦૫, સમકાલીનોથી જુદા પડતાં વાર્તાકાર, લેખક : ડો. રાજેશ પંડ્યા.